# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-07-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

1) રાજ્યના તમામ માછીમારોને યાંત્રિક હોડીના ડીઝલ પર પ્રતિલિટર મહત્તમ 15 રૂપિયા સુધીની વેટ રાહત આપવા રાજ્ય સરકારનો નિર્ણય.

2) વર્ષ 2033 સુધીમાં રાજ્ય પોલીસમાં 50 હજાર ભરતી કરાશે – નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની જાહેરાત.

3) રાજ્યમાં વરસાદના કારણે સર્જાયેલી સ્થિતિને પહોંચી વળવા રાહત અને બચાવકાર્ય પૂરજોશમાં - કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્થિતિની સમીક્ષા કરી.

4) રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું – આજે 59 તાલુકામાં સાર્વત્રિક વરસાદ - દક્ષિણ ગુજરાતમાં આવતીકાલે ભારે વરસાદની આગાહી.

**5)** મોરબીમાં યોજાયેલી ફૂટબૉલ સ્પર્ધામાં રાજકોટ, વડોદરા, સુરત અને જામનગરની ટીમનો સેમિ-ફાઈનલમાં પ્રવેશ.

------------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GNR CABINET DECISIONS

રાજ્યના તમામ માછીમારોને યાંત્રિક હોડીમાં ઉપયોગમાં લેવાતા ડીઝલ પર પ્રતિલિટર મહત્તમ 15 રૂપિયા સુધીના મૂલ્યવર્ધિત કર – વેટ રાહત અપાશે. આ સાથે હોડીની 20 મીટરની મર્યાદા નાબૂદ કરવામાં આવી. ગાંધીનગરમાં રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા આ નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, આ નિર્ણયથી રાજ્યની 18 હજારથી વધુ યાંત્રિક હોડીને લાભ થશે. તેમણે વેટ રાહત મેળવવા હોડીની રિયલ ક્રાફ્ટ પોર્ટલ પર નોંધણી અને માછીમારીના પરવાના મેળવવાના બાકી હોય તો તે પૂર્ણ કરવા અનુરોધ કર્યો.

(BYTE: JITU VAGHANI, PRAVAKTA MANTRI)

ઉપરાંત મંત્રીમંડળની બેઠકમાં રાજ્યમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારના રાહત અને બચાવકાર્યની વિગત રજૂ કરવામાં આવી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે સુરત અને વલસાડની મુલાકાત લઈ વરસાદની સ્થિતિનો તાગ મેળવશે. ઉપરાંત શ્રી પટેલે રાજ્યમાં ઇલેક્ટ્રિક વાહન માટેના ચાર્જિંગ સ્ટેશન માટેની નીતિ બનાવવા મુખ્યસચિવ મનોજકુમાર દાસને સૂચના આપી હોવાનું શ્રી વાઘાણીએ ઉમેર્યું.

# GNR PSI APPOINTMENT LEETER

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વર્ષ 2033 સુધીમાં પોલીસ વિભાગમાં 50 હજાર ભરતી કરવાની જાહેરાત કરી. ગાંધીનગરમાં 449 નવનિયુક્ત બિનહથિયારી પોલીસ સબ-ઇન્સ્પેક્ટરના નિમણૂકપત્ર એનાયત સમારોહને સંબોધતા શ્રી સંઘવીએ કહ્યું, ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે તમામ જિલ્લા પોલીસ વડામથકના મેદાન ખૂલ્લા મુકાયા છે, જ્યાં ઉમેદવારો શારીરિક કસોટીની તૈયારી કરી શકશે. તેમણે કોરોના મહામારી કે ભારે વરસાદ જેવી કુદરતી આફત સહિતની પરિસ્થિતિમાં લોકોના રક્ષણ માટે ખડેપગે રહેનારા પોલીસકર્મીઓની પણ પ્રશંસા કરી હતી.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

# PORBANDAR DRONE CRASH

પોરબંદરમાં ભારતીય નૌકાદળનું ડ્રોન તૂટી પડ્યું હોવાના અહેવાલ છે. પ્રાથમિક માહિતી અનુસાર, ધરમપુર ગામ નજીક નેસ વિસ્તારમાં ઉડાન દરમિયાન ટેકનિકલ ખામી અને નિયંત્રણ ગુમાવતાં અનમેન્ડ એરિયલ વ્હીકલ (UAV) જમીન પર પટકાયું. સુરક્ષા સંસ્થાઓએ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી જરૂરી પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરી. ઘટનાની જાણ થતાં જ નૌકાદળના અધિકારીઓ, પોલીસ અને અગ્નિશમન દાળની ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

# BK MAHA VAN KAVACH

બનાસકાંઠામાં ડીસાના ડાવસ ગામમાં રાજ્યના પ્રથમ મહાવન કવચ પરિયોજનાનો પ્રારંભ કરાયો. બનાસ નદીના કિનારે વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણ માળીએ પરિયોજનાનો શુભારંભ કરાવતા કહ્યું, પહેલા તબક્કામાં મિયાવાકી પદ્ધતિથી 25 પ્રજાતિના 10 હજાર છોડ સાથે કુલ બે લાખથી વધુ છોડનું વાવેતર કરાશે. તેમણે મહાવન કવચ પર્યાવરણ સંરક્ષણ, જૈવવિવિધતા, સંશોધન અને ઇકો-ટૂરિઝમ માટે મહત્વનું કેન્દ્ર બનશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

# MADHAVRAIJI MANDIR PUNARODDHAR

પોરબંદરના સુપ્રસિદ્ધ માધવરાયજી મંદિરના બીજા તબક્કાના વિકાસકાર્યોનો પ્રારંભ થયો. તે અંતર્ગત મંદિરમાં દરિયાકિનારો સીધો જ જોઈ શકાય તેવી જગ્યા, ભોજન કરી શકાય અને વાહન પાર્ક કરી શકાય તેવી જગ્યા સહિતની સુવિધા કરાશે. ઉપરાંત માર્ગ પહોળા અને મંદિર સુધી એપ્રોચ રોડ એટલે કે, મુખ્ય માર્ગને જોડતો માર્ગ તૈયાર કરાશે. રાજ્ય સરકાર દ્વારા અંદાજે 43 કરોડ 72 લાખ રૂપિયાના ખર્ચે આગામી બે વર્ષમાં આ કાર્ય પૂર્ણ કરાશે.

ઉલ્લેખનીય છે કે, ભગવાન શ્રીકૃષ્ણ અને માતા રુક્મિણીજીનાં લગ્ન થયાં હતાં તેવું માધવપુરનું શ્રીકૃષ્ણ રુક્મિણી યાત્રાધામ હવે વૈશ્વિક ફલક પર ઝગમગતું થશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

# VERAVAL TO HARIDWAR TRAIN

ભાવનગર રેલવે મંડળ દ્વારા વેરાવળથી હરિદ્વાર એક મહિનાની સાપ્તાહિક ટ્રેન સેવા શરૂ કરવામાં આવી. વેરાવળથી દર મંગળવારે બપોરે ચાર વાગ્યેના પાંચ મિનિટે આ ટ્રેન ઉપડશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# AMIT SHAH TALK WITH CM

રાજ્યમાં વરસાદના કારણે સર્જાયેલી સ્થિતિને પહોંચી વળવા રાહત અને બચાવકાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોન પર વાત કરીને રાજ્યમાં ભારે વરસાદ, પાણી ભરાવવાની પરિસ્થિતિ, રાહત અને બચાવ કામગીરી તથા લોકોની સલામતી સુનિશ્ચિત કરવા અંગે ચર્ચા કરી. શ્રી શાહે કહ્યું, કેન્દ્ર સરકાર રાજ્યમાં વરસાદની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે અને સરકાર સાથે સતત સંપર્કમાં છે. કેન્દ્ર સરકાર દ્વારા શક્ય તમામ રાહત અને સહાય પૂરી પાડવાની પણ શ્રી શાહે ખાતરી આપી.

# DISTRICTS RAIN OVERALL

રાજ્યમાં વરસાદનું જોર ઘટતાં સાંજે છ વાગ્યા સુધીમાં 59 તાલુકામાં સામાન્ય વરસાદ થયાના અહેવાલ છે. દરમિયાન દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહીને પગલે વલસાડમાં તંત્ર સતર્ક થયું છે. વલસાડ જિલ્લાના મધુબન બંધના 10 પૈકી 8 દરવાજા 4 મીટર સુધી ખોલીને 50 હજાર 679 ક્યુસેક પાણી દમણગંગા નદીમાં છોડવામાં આવ્યું છે.

ડાંગમાં અનરાધાર વરસાદને લીધે સાપુતારા માર્ગ પર ભેખડ ધસી પડતા તંત્ર દ્વારા કાટમાળ હટાવાયો. તેમજ પૂર્ણા, અંબિકા, ખાપરી અને ગિરા નદીમાં પૂરની સ્થિતિ જોવા મળી. તો જિલ્લાના 29 માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરાયા.

તાપીમાં પણ નદીઓમાં પાણીની સારી આવક થતાં વાલોડની વાલ્મિકી નદી બે કાંઠે વહી રહી છે. જ્યારે વાલોડ ગામમાંથી સમર-ચાલી ફળિયાને જોડતા કૉઝ-વે પર પાણી ભરાતા લોકોને બે કિલોમીટર ફરીને જવું પડી રહ્યું છે. ઉપરાંત જિલ્લાના 43 જેટલા આંતરિક માર્ગ પર પાણી ભરાતા વાહન વ્યવહાર ખોરવાયો છે. જ્યારે ઉકાઈ બંધમાં 61 હજાર 12 ક્યૂસેક પાણીની આવક થતાં બંધમાંથી 800 ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

ભાવનગરના મહુવામાં સૌથી વધુ દોઢ ઇંચ જેટલો વરસાદ થયાના અહેવાલ છે. દરમિયાન સુરતમાં 18 કલાકથી વધુ સમય પછી પણ અનેક જગ્યાએ પાણી ભરાયેલા છે. સરથાણા શ્યામધામથી ગઢપુર માર્ગ પર કમર સુધીના પાણી ભરાયા છે. બચાવકાર્ય કરવા આવેલી અગ્નિશમન દળની ગાડી પણ આ વરસાદી પાણીમાં ફસાઈ ગઈ હતી.

# PANCHMAHAL PAVADAGH

પંચમહાલમાં પાવાગઢ ડુંગર પર માંચીથી રેવા પથના પગથિયાં માર્ગે મહાકાળી માતાજીના મંદિર તરફ રાત્રે 10 વાગ્યાથી સવારે ચાર વાગ્યા સુધી પદયાત્રીઓની અવરજવર પર પ્રતિબંધ મુકાયો છે. વરસાદના કારણે ભેખડ ધસી જવાની સંભાવનાને પગલે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે. જે. પટેલ દ્વારા આગામી છ સપ્ટેમ્બર સુધી પ્રતિબંધ માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.

# SURAT TEXTILES MARKET

એશિયાના સૌથી મોટા સુરતના કાપડ બજારના ભોંયરામાં વરસાદી પાણી ભરાતા મોટા પાયે નુકસાન થયાના અહેવાલ છે. વેપારીઓએ સવારથી જ દુકાનોમાં રહેલા પાણી અને કાદવ બહાર કાઢીને સાડીઓને સૂકવવા મૂકી છે. આ અંગે સુરતમાં કાપડ ઉદ્યોગ અને વેપારીઓનું પ્રતિનિધિત્વ કરતા મુખ્યમંડળ ફોસ્ટાના મહામંત્રી દિનેશ કટારિયાએ વધુ માહિતી આપી.

(BYTE: DINESH KATARIA, MAHAMANTRI, FOSTTA)

# STATE WEATHER FORECAST

રાજ્યમાં આવતીકાલથી વરસાદનું જોર ઘટી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું, નવસારી, તાપી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર આવતીકાલે ભારે વરસાદની સંભાવના છે. દરમિયાન રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ છ ટકા ઓછો વરસાદ નોંધાયો છે.

(BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AHMEDABAD)

# MRB FOOTBALL COMPETITION

મોરબીમાં યોજાયેલી સબ-જૂનિયર ગર્લ્સ ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં રાજકોટ, વડોદરા, સુરત અને જામનગરની ટીમ સેમિ-ફાઈનલમાં પહોંચી છે. ગુજરાત રાજ્ય ફૂટબોલ સંગઠન દ્વારા આયોજિત આ સ્પર્ધામાં છેલ્લા દિવસે આજે પહેલી મેચમાં રાજકોટે મોરબી અને સુરતે કચ્છને પરાજય આપ્યો.

આજની છેલ્લી મેચમાં જામનગરની ટીમે સંજના મેનિયા અને જાંબુચા ડાયાનાં બે-બે ગૉલ તથા ઉર્મિલા ધોરિયાનાં એક ગૉલની મદદથી અમદાવાદની ટીમને પાંચ-શૂન્યથી હરાવી અપસેટ સર્જ્યો. હવે આવતીકાલે રાજકોટ અને સુરત વચ્ચે પહેલી તથા જામનગર અને વડોદરા વચ્ચે બીજી સેમિ-ફાઈનલ મેચ રમાશે. જ્યારે 10 તારીખે ફાઈનલ મેચ રમાશે.

# SANGIT RASHTRIYA SANMAN

અમદાવાદમાં કાલુપુરની ગોસ્વામી હવેલીના 16-મી પેઢીના આચાર્ય અને હવેલી સંગીતના વિદ્વાન આચાર્ય રણછોડલાલજી ગોસ્વામીની ઉસ્તાદ બિસ્મિલ્લા ખાં યુવા પુરસ્કાર 2025 માટે પસંદગી થઈ. સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત્ સંગીત નાટક અકાદમી દ્વારા વર્ષ 2024-25 માટે તેમને આ પુરસ્કારથી સન્માનિત કરાશે. આ સાથે જ 550 વર્ષ જૂની હવેલી સંગીત પરંપરાને રાષ્ટ્રીય સન્માન મળ્યું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આ અંગે પ્રતિક્રિયા આપતા શ્રી ગોસ્વામીએ કહ્યું, આ પુરસ્કાર ભારતની ભક્તિ, સંગીત અને સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરાને મળેલું સન્માન છે. હવેલી સંગીતમાં ભારતની આત્મા વસે છે.